# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૫ તા.૨૧-૦૧-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરી-૨૦૨૨ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ, પરિપત્ર ક્રમાંકઃ પદઉ-૧૦૨૦૨૧-૬૮૬-ઘ સચિવાલય,ગાંધીનગર તા.૧૮-૦૧-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ,તા.૧૮-૦૧-૨૦૨૨ના પરિપત્ર ક્રમાંકઃ પદઉ-૧૦૨૦૨૧-૬૮૬-ઘ અંતર્ગત પ્રજાસત્તાક દિન ૨૬ જાન્યુઆરી-૨૦૨૨ની ઉજવણી માત્ર શિક્ષકોની ઉપસ્થિતિમાં આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમ પ્રમાણે આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૧-૦૧-૨૦૨૨

ડૉ. અશ્વિનકુમાર ડી. ત્રિવેદી
ઈ.શાસનાધિકારી

પ્રજાસત્તાક દિન, ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨ની ઉજવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પદઉ- ૧૦૨૦૨૧- ૯૮૯- ઘ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૯/ ૦૧/ ૨૦૨૨

<u>વંચાણે લીધા</u> :

(1) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૮/ ૦૧/ ૨૦૨૨ નો સમાનાંકી પત્ર

<u>*પરિપત્ર*</u>

<u>૨.</u> સમગ્ર દેશમાં દર વર્ષે રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ખૂબ જ આનંદ અને ઉત્સાહથી કરવામાં આવે છે. આ વર્ષે પણ પ્રજાસત્તાક દિન, ૨૬ જાન્યુઆરી ૨૦૨૨ની ઉજવણી આટલા જ આનંદ અને ઉત્સાહથી કરવામાં આવશે. વંચાણે લીધા (1)ના પત્ર મુજબ જિલ્લાકક્ષાની ઉજવણી જિલ્લાના મુખ્યમથક ખાતે કરવાની રહે છે. હાલમાં, નોવેલ કોરોના વાઇરસ(Covid-19)ના રોગચાળાનો પ્રસાર વ્યાપક પ્રમાણમાં થયેલ છે. COVID-19ના સંક્રમણનો ફેલાવો ન થાય તે માટે કેટલાંક નિવારક પગલાના ભાગરૂપે સોશિયલ ડીસ્ટંસીંગ જાળવવા, માસ્ક પહેરવા, યોગ્ય સેનિટાઇઝેશન, બહોળી સંખ્યામાં લોકો એકત્રિત ન કરવા, જોખમ જણાય તેવા લોકોની સુરક્ષા કરવી વગેરે બાબતો અંગે ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ Covid-19 અંગેની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહે અને તેને ધ્યાને લઇને પ્રજાસત્તાક દિન ૨૦૨૨ની ઉજવણી કરવાની રહે છે. પ્રજાસત્તાક દિન ૨૦૨૨ની ઉજવણીમાં મર્યાદિત સંખ્યામાં સરકારની સ્થાયી સૂચનાનુસાર લોકો એકત્રિત થાય અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી રાજ્યકક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ ઉજવણી કરવાની રહેશે. <u>જિલ્લાકક્ષાની તથા તાલુકાકક્ષાની ઉજવણી **૧૫૦ ( એકસો પચાસ )**સંખ્યાની મર્યાદામાં કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.</u>

<u>૩.</u> આગામી પ્રજાસત્તાક દિન ૨૦૨૨ની જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ નીચે મુજબના મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમ પ્રમાણે કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

| સમય (કલાક) | કાર્યક્રમની વિગત | મિનિટ |
|---|---|---|
| ૦૮.૫૮ | માનનીય મંત્રીશ્રી / કલેકટરશ્રી / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/ મામલતદારશ્રી / સરપંચશ્રી સ્થળ ઉપર પધારશે.<br>તેઓશ્રીનું આગમન થતાં ઉપસ્થિત અધિકારીશ્રી તેઓનું સ્વાગત કરશે અને મંચ પ્રતિ દોરી જશે. | ૦૨ |
| ૦૯.૦૦ થી ૦૯.૦૨ | માનનીય મંત્રીશ્રી / કલેકટરશ્રી / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/ મામલતદારશ્રી / સરપંચશ્રી ધ્વજ ફરકાવશે.<br>માનનીય મંત્રીશ્રી / કલેકટરશ્રી / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/ મામલતદારશ્રી / સરપંચશ્રી ધ્વજને સલામી આપશે.<br>પોલીસ ટુકડી (**) સલામી આપશે અને રાષ્ટ્રગાન વગાડવામાં આવશે. | ૦૨ |

| | | |
|---|---|---|
| ૦૯.૦૨ થી ૦૯.૦૩ | હર્ષ ધ્વનિ (VOLLEY FIRING) ** | ૦૧ |
| ૦૯.૦૩ થી ૦૯.૧૮ | માનનીય મંત્રીશ્રી / કલેકટરશ્રી / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી/ મામલતદારશ્રી / સરપંચશ્રીનું ઉદબોધન | ૧૫ |
| ૦૯.૧૮ થી ૦૯.૧૯ | રાષ્ટ્રગાન વગાડવામાં આવશે. | ૦૧ |
| કુલ સમય (મિનિટ) | | ૨૧ |
| માનનીય મંત્રીશ્રી / કલેકટરશ્રી / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી / મામલતદારશ્રી / સરપંચશ્રીની ઉપસ્થિતિમાં કોરોના વોરિયર્સને પ્રિકોશન ડોઝ આપવામાં આવશે. | | |
| માનનીય મંત્રીશ્રી / કલેકટરશ્રી / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી / મામલતદારશ્રી / સરપંચશ્રી દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમના સ્થળની બાજુમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. | | |

** શક્ય હોય અને ઉપલબ્ધ હોય ત્યાં

૪. દરેક કાર્યક્રમમાં COVID – 19ની મહામારી સબંધિત સરકારશ્રીની વખતોવખતની ગાઇડલાઇનનું સંપૂર્ણ પાલન થાય અને સોશ્યલ ડીસ્ટન્સ જળવાય તેમજ સેનિટાઇઝેશન અને માસ્ક પહેરવાનું ફરજિયાત રાખવાનું રહેશે. આ અંગેની વ્યવસ્થા સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ ગોઠવવાની રહેશે.

૫. સમગ્ર કાર્યક્રમ COVID-19 અંગેની સમયાંતરે આપવામાં આવેલ માર્ગદર્શિકાઓને અનુસરીને તેમજ રાષ્ટ્રીય પર્વને અનુરૂપ ગરિમાપૂર્ણ રીતે યોજાય તે જોવાનું રહેશે.

૬. ઉપર મુજબની સૂચનાઓનું ચૂસ્ત પણે પાલન કરવા આથી સર્વેને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જ્વલંત ત્રિવેદી )
અધિક સચિવ (પ્રોટોકોલ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રી / રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી. ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, લોકાયુકતનું કાર્યાલય, સેકટર-૧૦-બી, ગાંધીનગર.

પોલીસ મહાનિદેશકશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર

સર્વે પોલીસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય.

સચિવાલયના સર્વે વિભાગો-

**માહિતી નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.- અખબારી યાદી તથા ઇલેક્ટ્રોનિક મીડિયામાં બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.**

સર્વે જિલ્લા કલેકટરશ્રી
સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
} પોતાના જિલ્લામાં આ અંગે યોગ્ય પ્રબંધ કરવા.

કેન્દ્ર નિયામકશ્રી, આકાશવાણી, અમદાવાદ-૩૮૦ ૦૦૯

કેન્દ્ર નિયામકશ્રી, દૂરદર્શન, અમદાવાદ.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૫-A તા.૨૧-૦૧-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- માતા-પિતા પૈકી કોઇ એક હયાત ન હોય અથવા બન્ને હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓનો સર્વે કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/વિદ્યાર્થી સર્વે/૨૦૨૨/૮૭૭-૯૩ તા.૨૦-૦૧-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માતા-પિતા પૈકી કોઈ એક હયાત ના હોય અથવા બન્ને હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓનો સર્વે કરી આ સાથે સામેલ પત્રકમાં (એકસેલ શીટ-શ્રુતિ ફોન્ટ અને આંકડા અંગ્રેજીમાં) સોફટ કોપીમાં તૈયાર કરી તા.૨૭-૦૧-૨૦૨૨ સવારે ૧૧-૦૦ કલાક સુધીમાં જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર તથા પત્રક

તા.૨૧-૦૧-૨૦૨૨

ડૉ. અશ્વિનકુમાર ડી. ત્રિવેદી
ઈ.શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/વિદ્યાર્થી સર્વે/૨૦૨૨/૯૭૭-૯૬૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર, તા. ૨૦/૦૧/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- માતા-પિતા પૈકી કોઇ એક હયાત ન હોય અથવા બન્ને હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓનો સર્વે કરવા બાબત.

સંદર્ભઃ- અત્રેની કચેરીની સિંગલ ફાઇલ ક્રમાંકઃ- પ્રાશિનિ/સંકલન/૨૦૨૨/૩ તા. ૧૦/૦૧/૨૦૨૨ ની નોંધ પર માન. મંત્રીશ્રી શિક્ષણની તા. ૧૭/૦૧/૨૦૨૨ ની મળેલ અનુમતિ

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓના માતા-પિતા પૈકી કોઇ એક હયાત ન હોય અથવા બન્ને હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓનો સર્વે કરવા નિર્ણય થઇ આવેલ છે. જે અન્વયે આપના તાબા હેઠળની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓનો સર્વે કરી આવા વિદ્યાર્થીઓની વિગતો આ સાથે સામેલ પત્રક મુજબ માહિતી તૈયાર કરી સોફ્ટ કોપીમાં અત્રેની કચેરીના ઇ-મેઇલ એડ્રસ **sankalan.dpe.guj@gmail.com** પર તથા હાર્ડ કોપી દિન- ૭ માં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

Scanned with CamScanner

## માતા-પિતા પૈકી કોઇ એક હયાત ન હોય અથવા બન્ને હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓની વિગત દર્શાવતું પત્રક

જિલ્લાનું નામઃ-

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | શાળાનો પ્રકાર (સરકારી/ ગ્રાન્ટેડ) | તાલુકાનું નામ | માતા-પિતાની હયાતીની વિગત (ટીક કરવું) | | | સરકારશ્રીની કોઇ યોજનાનો લાભ મેળવે છે કે નહી ? મેળવતા હોય તો તે યોજનાનું નામ | સરકારશ્રીની કોઇ યોજનાનો લાભ મેળવતા હોય તો તે યોજનામાં મળતી રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | માતા હયાત ન હોય | પિતા હયાત ન હોય | બન્ને હયાત ન હોય | | |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |

Scanned with CamScanner